# ઈડરમાં તાલુકા પંચાયતમાં આજે પુનરાવર્તન કે પરિવર્તન ?

## કોંગ્રેસ-ભાજપ જીતના દાવા પણ મતદારોનો મિજાજ સમજવો મુશ્કેલ

- **ઇડરની આટર્સ એન્ડ કોમર્સ કોલેજમાં વહેલી સવારથી મતગણતરી હાથ ધરાશે.**
- **ભાજપે સિનિયર આગેવાનો ની ટિકિટ કાપી નવા ઉમેદવારોની પસંદગીનો જુગાર કેટલો રંગ લાવશે તે આવતીકાલે પરિણામ પછી જ ખ્યાલ આવશે.**

ઈડર,તા.૧

ઈડર તાલુકાની ૨૮ બેઠકોઅને જિલ્લા પંચાયત ની ૭ બેઠકોનું રવિવારે યોજાયેલ મતદાન નું પરિણામ આજે ઈડર સવારે ઈડરની આટર્સ એન્ડ કોમર્સ કોલેજમાં વહેલી સવારે મતગણતરી હાથ ધરવામાં આવશે .સૌ ઉમેદવારો અને કાર્યકર્તા ઓની નજર પરિણામ પર મંડાયેલી છે.ત્યારે સૌ ઉમેદવારો જીતના દાવા કરી રહ્યા છે.પણ મતદારો એ શું કર્યું છે તે મૌન જ છે, પરિણામ પછી જ કેટલના દવાઓનું સુરસરિયું થાય છે તે જોવાનું રહ્યું.

રવિવારે યોજાયેલ શાંતિ પૂર્ણ મહોલનું મતદાન અને ઊંચી ટકાવારી રાજકીય પંડિતો ને પણ વિચારતા કરી દીધા છે ,શું પરિણામ આવશે તે કોઈ નિચ્ચીત નથી ઈડરમાં કોંગ્રેસ નું પુનરાવર્તન થાય છે કે પરિવર્તન તે ના પર સૌની નજર મંડાયેલી છે.ઈડર માં ૨૮ તાલુકા પંચાયત ની અને ૭ જિલ્લા પંચાયત ની બેઠકો પર યોજાયેલ ચૂંટણી માં કોંગ્રેસ અને ભાજપ તથા મહાનગરપાલિકા ઓના પરિણામ પછી આપ પાર્ટી પણ આશાના કિરણ સાથે પોતપોતાના ઉમેદવારોની જીત ના દાવા સાથે પરિણામની ઉજવણી ની તૈયારીઓ કરવા લાગ્યા છે અને મતદારો ના મૌન સૌ ઉમેદવાર ને અકરાવી રહ્યું છે.

જ્યારે ગત ટર્મ માં જિલ્લા અને તાલુકા ની બેઠકો પર કબજો મેરવી બંને પંચાયતોમાં સત્તા ભોગવી હતી, જ્યારે ઈડરમાં તાલુકા પંચાયતના પ્રમુખની બીજી ટર્મના બે વર્ષના સમયગાળા દરમ્યાન સત્તા પરિવર્તન કરવામાં ભાજપ સફર રહી હતી અને કોંગ્રેસના મેન્ડેડ પર બનેલ પ્રમુખ બરવો કરી કેસરિયો ધારણ કર્યો



હતો. અને ભાજપે સત્તા ભોગવી હતી.

આવતી કાલના પરિણામ પર તાલુકાની સૌ જનતા મીડ માંડિ રહી છે અને ભાજપ ને કોંગ્રેસ ના કે મહાનગરપાલિકા ઓ માં આપ ને મારેલ સફળતા કદાચ આપનો એકાદ મુરતિયો મંડાવે છે જેવી તરહ તરહ ની ચર્ચાઓ સાથે નજર નાખી આવતી કાલે ઈડર માં પંચાયત નો પરિણામ ની સૌ કોઈ ચાતક નજરે રાહ જોવાઈ રહી છે

# નવા શાસકો ઉપર સૌથી મોટી આશા, સોસાયટી વિસ્તારોમાં સૌથી બદત્તર હાલત

## શહેરી વિસ્તારને પાંજરાપોળ જાહેર કરો, પ્રજાનો આક્રોશ : મોડાસા-બાયડમાં રખડતી ગાયોથી માર્ગો ગમાણમાં ફેરવાયા

બાયડ,

(બ્યુરો ઓફિસ) તા.૦૧

આજે બંન્ને નગરપાલિકાની ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે ત્યારે નવા શાસકો ઉપર પ્રજાને મોટી આશા છે. પાછલા ૪-૫ વર્ષથી મોડાસા અને બાયડના



શહેરી વિસ્તારમાં જાહેર માર્ગો, સોસાયટીના માર્ગો ઉપર રખડતી ગાયોના અડીંગા જામ્યા છે અનેક રાહદારીઓને રખડતી ગાયોએ હડફેટમાં લઈ મરણતોલ ઈજા પહોંચાડી હતી છતાં પાલિકાના ઢોરવાડા માત્ર નામપૂરતા રહ્યા. ત્યારે હવે માલધારીઓ સાથે બેઠકો યોજી રખડતી ગાયોના ત્રાસથી પાલિકા વિસ્તારોને મુક્ત કરવામાં આવે તેવી પ્રજાની સામૂહીક માંગ સામે આવી છે.

બંન્ને પાલિકા વિસ્તારોમાં ઢોરવાડા માગે મામૂલી બજેટ ફળવાય છે. સોસાયટી વિસ્તારોમાં અનેક લોકોની ગેરકાયદે અવર જવર અને રખડતાં ઢોરની અવર જવર અટકાવવા માટે રહીશો દ્વારા સ્વયં વાડાબંધી કરવામાં આવે તો પાલિકાને ગમતું નથી અને તે હટાવવા માટે નોટિસો ફટકારે છે. સોસાયટીના રહીશોને વાડાબંધી કેમ કરવી પડે..?? બાયડ અને મોડાસામાં વહેલી પરોઢે મુખ્ય માર્ગો અને સૂરજ ઉગ્યા પછી સોસાયટી વિસ્તારોમાં રખડતી ગાયોનાં ધાડેધાડાં જોવા મળી રહ્યાં છે. ગંદીગોબરી રખડતી ગાય જ્યાંથી નિકળે ત્યાં અસહ્ય દુર્ગંધ પ્રસરે છે જેથી રખડતી ગાયો ઉપર અંકુશ મેળવવા કોઈ પગલાં ભરાતાં નથી અને કોઈ જાગ્રત નાગરિકો દ્વારા કામગીરી થાય તો તેમાં ખલેલ પહોંચાડવામાં આવી રહી છે. અગાઉ રખડતી ગાયના કારણે બાયડ અને મોડાસામાં અડધો ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા છતાં રખડતી ગાયોના ત્રાસમાંથી પ્રજાને મુક્તિ મળી નથી. છેવટે કંટાળેલા રહીશો અને વેપારીઓ પાલિકા તંત્ર યોગ્ય પગલાં નહીં ભરે તો રખડતાં ઢોરને પકડીનો પાંજરાપોળ ધકેલી દેશે તેવો આક્રોશ જોવા મળી રહ્યો છે.

# અરવલ્લીના કાલેશ્વર ઈજનેર, ફરજમાં સરકારના ૪૦ થી વધુ વખત ચાબુક પડ્યા પરંતુ સુધર્યા નહીં

## બેનામી સંપત્તિ પકડાઈ જવાની બીકે સબંધીઓના નામે જમીન અને રીયલ એસ્ટેટમાં રોકાણ

બાયડ,

(બ્યુરો ઓફિસ)

તા.૦૧

અરવલ્લી જિલ્લામાં રાજકીય જંગ પરાકાષ્ટાએ હતો ત્યારથી અરવલ્લીના કાલેશ્વર ઈજનેર જોરદાર ચર્ચામાં રહ્યા છે. કહેવાય છે કે તેઓ ફરજમાં હતા ત્યારે સરકારના ૪૦ થી વધુ વખત ચાબુક પડ્યા પરંતુ કૂતરાંની પૂંછડી ભૂમિમાં નાખો તો પણ વાંકી તે વાંકી..તેમાં કોઈ સુધારો થયો નથી. આમ તો પોતાનામાં કોઈ હોંશિયારી નથી પરંતુ સ્વયં પોતાની જાતનો હોંશિયાર ગણે છે. પાણી નિકાલની યોજનામાં સરકારના એક મંત્રીનો શીખામણ આપવા ગયા ત્યારે ખુદ બચાવની સ્થિતિમાં આવી જતાં આજે એ દ્રશ્યો પણ આ વિસ્તારની પ્રજા યાદ કરીનો મનમાં ને મનમાં મલકાય છે. કહેવાય છે કે બેનામી સંપત્તિ ભેગી કરી છે પરંતુ પકડાઈ જવાની બીકે ધનસુરા થી બોરલ સુધીના રોડ ઉપર સગા સબંધીઓના નામે જમીન અને રીયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે.

દરેક બાબતમાં દોઢ ડાહ્યા બનવું તેવી આગવી ઓળખ ધરાવતા અરવલ્લીના કાલેશ્વર ઈજનેર પાસે છેલ્લા કેટલાક સમયથી કોઈ કામ નથી. પરંતુ પોતાના વિભાગમાં ક્યાં ખોટું થાય છે, ક્યાં વધુ મલાઈ મળે..તે શોધી કાઢી વિભાગના ઉચ્ચ અધિકારીની વિરૂદ્ધમાં અખબારો સુધી માહિતી પહોંચાડે અને પછી પોતે તેમાં કૂદી પડે અને છાપ એવી ઉભી કરે કે કાલેશ્વર ઈજનેર હોય તો જ ડીપાર્ટમેન્ટનો ભ્રષ્ટાચાર દબાવી શકે. વાસ્તવમાં કાલેશ્વર ઈજનેર સમગ્ર તરકટનો મુખ્ય સૂત્રધાર હોય છે. જ્યાં જ્યાં ફરજ બજાવી ત્યાં ત્યાં સ્ટાફમાં ફાટફૂટ પડાવી પોતાની માનસિક્તાનો સૌને પરચો કરાવ્યો છે. અત્યારે તો સ્થિતિ એ છે કે કાલેશ્વર ઈજનેર ૫૦૦ ફૂટ દૂર દેખાય તો તેમના સાથીદારો રવાના થઈ જાય છે. નવરો બેઠો નખ્ખોદ વાળે..તેમ હવે કોઈ કામ-ધંધો ન રહેતાં કાલેશ્વર ઈજનેરને રાજકારણમાં રસ પડ્યો છે પરંતુ હવે કાલેશ્વરે જે હોડકામાં ઝંપલાવ્યું છે તે હોડકું જ ડૂબવાનું છે. કહેવાય છે કે કાલેશ્વર ઈજનેરને શરાબ અને જુગારનો બહુ મોટો શોખ છે. લોકવાયકા તો એવી છે કે એક વખત કાલેશ્વર ઈજનેર ગોવા ગયો ત્યારે અનહદ શરાબ પીધા પછી કપડાં ઉતારીને પતંગ ચગાવ્યો હતો. જો કે આ વાત કોઈ લોકો સ્વીકારવા માટે તૈયાર હોય કે ન હોય પરંતુ તેમના ૨-૩ મળતિયા ટેકનિશીયનો સાહેબને બરાબરના ઓળખે છે. એક શેખચલ્લીએ તો એવું પણ જણાવ્યું કે થોડા સમય અગાઉ મામલતદાર કક્ષાના એક અધિકારીને વાત્રક ડેમ નજીકના ગેસ્ટહાઉસમાં દારૂ ઢીંચાવ્યા પછી શું થયું હતું..?? તો મામલો રાજય સારકારના વિભાગના મંત્રી સુધી પાહોંચ્યો હતો. સામય..સામય બાળવાના છે. લાગે છે કે કાલેશ્વર ઈજનેર હવે કેટલા સમય દરમ્યાન પોતાનું કાળુ ધન છૂપાવી રાખશે.

# ધનસુરા અને શીકા આરોગ્ય કેન્દ્રમાં સિનિયર સિટીઝનને કોવિડ-૧૯નો પ્રથમ ડોઝ અપાયો



ધનસુરા, તા. ૧

ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ પ્રથમ ડોઝ લીધા બાદ ધનસુરા અને શીકા માં પણ ૬૦ વર્ષ થી ઉપર ના સિનિયર સિટીઝન લોકોને પ્રથમ ડોઝ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે શીકા માં ૧૦૦ લોકોને રસી મુકવામાં આવી હતી જેમાં આધાર કાર્ડની ઝેરોક્ષ જોડે રાખવી ધનસુરામાં પણ રસી આપવામાં આવી હતી જેમાં કોવિશિલ્ડ નામની રસી આપવામાં આવી હતી ધનસુરા ના આજુ બાજુના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી પણ રસી લઈ શકાશે

ધનસુરા તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આ રસી આપવામાં આવી હતી આરોગ્ય વિભાગ ના અતુલભાઈ પટેલ, જ્યોત્સનાબેન પ્રજાપતિ, ડૉ નાજીમાબેન અને આરોગ્ય સ્ટાફ માર્ગદર્શનમાં યોજાયું હતું.

# વિદ્યાર્થીઓની કારકીર્દી કરતાં ચૂંટણી મહત્વની...

## જિલ્લામાં ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે આજથી સામાયિક કસોટીનો પ્રારંભ

**૩.૬૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, ઘેર બેઠાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ તા.૧૨ સુધીમાં ઉત્તરવહી શાળામાં આપવી પડશે**

બાયડ,

(બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્ય સરકાર શિક્ષણ વિભાગની મુશ્કેલી હોય તો હોંશિયામાં ધકેલે છે પરંતુ ચૂંટણી આવે તો વિદ્યાર્થીઓના હિત પણ જોવામાં આવતા નથી. અગાઉથી ધો.૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફેબ્રુઆરી મહિનાના અંતમાં સામયિક મૂલ્યાંકન કસોટીની જાહેરાત થઈ હતી. પરંતુ પ્રાથમિક શાળા અને હાઈસ્કુલના સ્ટાફને ચૂંટણીની કામગીરીમાં જોડાતાં સામયિક કસોટી મુલત્વી રાખવામાં આવી હતી જે હવે આજે તા.૨ થી ૪ માર્ચ સુધી યોજવામાં આવશે. જયારે ઘરે બેઠા પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓએ તા.૧૨ માર્ચ સુધીમાં ઉત્તરવહી શાળાએ પહોંચાડવી પડશે. જિલ્લામાં આજથી શરૂ થતી સામયિક કસોટીમાં ૩,૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

કોરોનાનો ડર છતાં એકંદરે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં શિક્ષણ કાર્ય ધબકતું થયું છે. શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં વાલીઓને પણ ઘણી રાહત થઈ છે. જ્યારે અનેક વિદ્યાર્થીઓ ઘેર બેઠાં બેઠા ડિપ્રેશનનો શિકાર બન્યા હતા તેવા પણ હળવાફુલ થઈ ગયા છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂરી થયા પછી હવે શિક્ષણ ઉપર સરકાર અને વિભાગે વધુ ધ્યાન આપવું પડશે નહીંતર શિક્ષણ અધોગતિ તરફ ધકેલાઈ શકે છે. તા.૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની ચૂંટણીના કારણે સામયિક કસોટી મુલત્વી રહી હતી. પરંતુ હવે મુલત્વી રહેલી કસોટી યોજવા માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા તાકીદ કરાતાં આજથી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કસોટીનો પ્રારંભ થવાનો છે.

# પેપોળમાં કુતરાનો આતંક : ૫ વ્યક્તિ અને ગાયને બચકાં ભર્યાં

## વહેલી સવારે જ કૂતરાએ લોકોને શિકાર બનાવ્યા

વડગામ,

વડગામ તાલુકાના પેપોળ ગામમાં એક કૂતરાએ ૫ જેટલા લોકોને બચકા ભરીને ઘાયલ કર્યા હતા.સાથે સાથે ગાયને પણ શિકાર બનાવ્યો હતો.

વડગામ તાલુકાના પેપોળ ગામમાં સોમવારના વહેલી સવારે સાતથી સાડા સાત વાગ્યાના સુમારે એક કૂતરાએ દોડાદોડી કરીને લોકોને બચકા ભરી આતંક મચાવ્યો હતો. પેપોળમાં શ્રીમાળી વાસમા બે પુરૂષ અને એક મહિલા તેમજ એક યુવતીને શિકાર બનાવીને બચકાં ભર્યા હતાં. બાદમા દોડાદોડી કરીને ગામમાં (રાવળ)યોગીવાસ માં એક બાળકને હાથે બચકાં ભરીને ઘાયલ કરતા ગામમાં થોડીવાર માટે નાસભાગ સાથે દોડધામ મચી ગઈ હતી. બાળકને શિકાર બનાવ્યા બાદ બાળક ની માતાએ કૂતરાથી બાળકને છોડવતા કૂતરૂ એક ગાયને પગના ભાગે બચકા ભરીને ગામમા મહોલ્લા શેરીમાં દોડાદોડી કરી આતંક મચાવ્યો હતો.કૂતરા નો ભોગ બનેલા લોકો મેમદપુર સીએસસી મા સારવાર માટે દોડી ગયા હતા. મેમદપુર સીએચસી ના ડોક્ટર રણજીતદાન ગઢવી દ્વારા કૂતરાના આતંકનો ભોગ બનેલ લોકોને તાત્કાલિક સારવાર આપી હતી.

# અમદાવાદ નિકોલનો ફેરિયો ફેરી કરતા કરતા બુટલેગર બની ગયો

## ઇસરી પોલીસે ઇકો કારના ગુપ્ત ખાનામાંથી ૨.૭૨ લાખના દારૂ સાથે ઝડપ્યો

મોડાસા, તા. ૧

ગુજરાતમાં દારૂબંધીનો કડક કાયદો કાગળ પર હોય તેમ ઠેર ઠેર દેશી-વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી થઈ રહી છે અમદાવાદ નિકોલની અક્ષરધામ રેસિડેન્સીમાં રહેતો અને ઈકો કારમાં પ્લાસ્ટીકની ફેરી કરનાર ફેરિયો દારૂની ખેપ કરવા લાગ્યો હતો ઈસરી પોલીસે રાજસ્થાનથી ઈકો કારમાં ગુપ્ત ખાનામાં પ્લાસ્ટિકના આડમાં સંતાડી રાખેલ ૨.૭૨ લાખનો વિદેશી દારૂ ભરી આવી રહેલા બુટલેગરને રેલ્લાવાડા ચેકપોસ્ટ પરથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં વ્યસ્ત હોવાનો ફાયદો ઉઠાવી ઈકો કારમાં ઉદેપુરથી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી ખેપ મારવા નીકળતા ઈસરી પોલીસે ખેપિયાની ખેપ નિષ્ફળ બનાવી હતી ઈસરી પીએસઆઈ બી.એલ. રોહિત અને તેમની ટીમે રાજસ્થાનને અડીને આવેલ રેલ્લાવાડા ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું રાજસ્થાન તરફથી આવી રહેલ ઈકો કારને અટકાવી તલાસી લેતા ઈકો કારમાંથી ગુપ્ત ખાનું મળી આવ્યું



હતું ગુપ્ત ખાનામાં અને ઈકો કારમાં પ્લાસ્ટિકના માલસામાનની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૨૫૦ કીં.રૂ.૨૭૨૨૦૦/-નો જથ્થો જપ્ત કરી ઈકો કાર ચાલક તખતસિંહ પ્રતાપસિંહ પરમાર (રહે,બી-૧૦૨ અક્ષરધામ રેસીડેન્સી, નિકોલ - અમદાવાદ) ને ઝડપી પાડી ઈકો કાર,મોબાઈલ, વિદેશી દારૂ,પ્લાસ્ટીક માલસામાન મળી કુલ.રૂ.૫૮૨૯૨૦ /- નો મુદ્દામાલ જપ્ત કરી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન ઉદેપુરના ગોરધન વિલાસ વિસ્તારમાં રહેતા વિક્રમસિંહ સીસોદીયા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ડીઝલના ભાવ વધ્યા પણ ભાડું નહીં : ટ્રાન્સપોર્ટરોમાં આક્રોશ...

## ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ ધનસુરા ટ્રાન્સપોર્ટ એશો.ની અચોક્કસ મુદતની હડતાલ





મોડાસા, તા. ૧

કેન્દ્ર સરકાર દ્વારા ચૂંટણી સમયે અચ્છે દિનની વાતો બૂમરેંગ સાબીત થઈ રહી છે પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી જતા લોકોના બુરી દિન શરૃ થયા હોય તેમ જણાય રહ્યુ છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના કારણે અન્ય જીવન જરૃરી ચીજવસ્તુ પણ મોંઘી થવાની શકયતા છે તેથી હજુ લોકોની મુશ્કેલી વધશે તેમ જાણકારો જણાવી રહ્યા છે. હાલ મોંઘવારીના કારણે એક સાંધો ત્યાં તેર તૂટે જેવી લોકોની હાલત છે. સમગ્ર રાજયમાં કપચી, રેતી, મેટલ પુરી પાડતા વડાગામ ક્વોરી ઉદ્યોગ સાથે સંકળાયેલ ધનુસરા ટ્રાન્સપોર્ટ એસોસિએશને ડીઝલના ભાવ સતત વધી રહ્યા હોવા છતાં ભાર વાહક વાહનોનું ભાડું ન વધતા અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા વિકાસના કામોને ભારે અસર પહોંચશે.

ધનસુરા ટ્રાન્સપોર્ટ એસોસિએશનને વડાગામ ખાતે બેઠક બેઠક યોજી ડીઝલમાં થઈ રહેલો સતત ભાવ વધારો થઈ રહ્યો છે તેમ છતાં રેતી-કપચી અને મેટલનું વહન કરતા ટ્રક-ડમ્પર સહીત ભાર વાહક વાહનોના ભાડામાં વધારો ન થતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓની હાલત કફોડી બનતા ભારે નુકશાન સહન કરવું પડતું હોવાથી સોમવારથી ભાવ વધારો નહીં મળે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી જતા ક્વોરી ઉદ્યોગ અને વિકાસના કામોને માઠી અસર પહોંચી શકે છે.

# અવસાન નોંધ



બાયડ,

(બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ ગામના નેહલભાઈ પટેલ અને ધીમેશભાઈ પટેલના પિતા કિરીટભાઈ પ્રેમજીભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૪ માર્ચ, ગુરૂવાર સવારે ૯-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન વ્રજગાર્ડન સોસાયટી, ચોઈલા રોડ, બાયડ ખાતે રાખેલ છે.